દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ
સોમવાર ૧૯ ઓક્ટોબર, ૨૦૨૬

# ભારતમાં 1954થી શરુ થયેલો નાસભાગમાં મોતનો સીલસીલો અટકવો જોઈએ

કોલકાતાના ચોરબાગાન દુર્ગા પૂજા પંડાલમાં શનિવારે રાત્રે નાસભાગ મચવાથી 19 લોકોનાં મોત થયા છે, જ્યારે 25 લોકો ઘાયલ થયા છે. ઘટનાનો વીડિયો સામે આવ્યો છે, જેમાં વરસાદ વચ્ચે સેંકડો લોકો પંડાલમાં પ્રવેશતા જોવા મળી રહ્યા છે. સાંકડા રસ્તામાં ભીડ ફસાઈ ગઈ અને મહિલાઓ-બાળકો મદદ માટે ચીસો પાડવા લાગ્યા. ઘાયલોની શહેરની 3 અલગ-અલગ હોસ્પિટલોમાં સારવાર ચાલી રહી છે. તેમાંથી 5 દર્દીઓને ICUમાં દાખલ કરવામાં આવ્યા છે અને એકની હાલત ગંભીર છે. રવિવારે સવારે ગૃહમંત્રી અમિત શાહ ઘાયલોને મળવા એપોલો હોસ્પિટલ પહોંચ્યા હતા. પોલીસે પૂજા કમિટીના સચિવ અને ઉપાધ્યક્ષ સહિત 7 લોકોની ધરપકડ કરી છે. આ તમામ 14 અટકાયત કરાયેલા લોકોમાં સામેલ હતા. આ મામલે બિનઇરાદતન હત્યાનો કેસ નોંધવામાં આવ્યો છે.

ઘટનાનો ભોગ બનેલો ચોરબાગાન દુર્ગા પૂજા પંડાલને ઘટનાના માત્ર 2 દિવસ પહેલાં પશ્ચિમ બંગાળ સરકારના 'દેવી દુર્ગા સન્માન 2026'થી સન્માનિત કરવામાં આવ્યો હતો. તેને 'બેસ્ટ ઓફ બેસ્ટ' કેટેગરીમાં પસંદ કરવામાં આવ્યો હતો. શનિવારે સાંજે વરસાદ દરમિયાન પંડાલમાં ભીડ વધવા, ઓછી રોશની અને સાંકડા રસ્તાઓ વચ્ચે નાસભાગ મચી હતી. એ તારીખ હતી 3 ફેબ્રુઆરી અને વર્ષ હતું 1954 તે સમયે અલ્હાબાદમાં મહાકુંભ યોજાયો હતો. ત્યારે ઉત્તર પ્રદેશના આ ધાર્મિક શહેરમાં 800થી વધુ લોકોનાં મોત થયા હતાં. અલ્હાબાદનું નામ બદલાઇને હવે પ્રયાગરાજ થઇ ગયું છે છતાં ભારતમાં ભાગદોડમાં મોત સીલસીલો અટકતો નથી જે અટકાવવું જ જોઇએ. માત્ર ઇજાગ્રસ્તોને મળીને સાંત્વના આપવાથી કે મૃતકોના પરિવારને સહાયની જાહેરાત એ કોઇ માર્ગ નથી. ભારતમાં બનેલી આવી દુર્ઘટનાઓની વાત કરીએ તો

25 જાન્યુઆરી 2005માં મંઢરાદેવી મંદિર, સાતારા મહારાષ્ટ્રમાં 300થી વધુ શ્રદ્ધાળુંઓનાં મોત થયા હતાં. મંદિરના સાંકડા રસ્તા પર નાળિયેરના કારણે લપસી પડવાથી અને આગની અફવાને કારણે નાસભાગ મચી હતી. 3 ઓગસ્ટ 2008 નૈના દેવી મંદિર, બિલાસપુરહિમાચલ પ્રદેશ 160 થી વધુ મૃત્યુ થયા હતાં ત્યારે ભૂસ્ખલનની અફવા ઉડી હતી. જેના કારણે નાસભાગ મચી ગઇ હતી. તો 30 સપ્ટેમ્બર 2008 ચામુંડા દેવી મંદિર, જોધપુર રાજસ્થાનમાં બોમ્બ વિસ્ફોટની અફવા ઉડતા ભક્તોમાં દોડધામ થઇ હતી જેમાં 220થી વધુ લોકોનાં મોત થયા હતાં. 14 જાન્યુઆરી 2011શબરીમાલા મંદિર, પુલ્લુમેડુ કેરળમાં મચેલી નાસભાગના કારણે 102નાં જ્યારે 10 ફેબ્રુઆરી 2013અલ્હાબાદ રેલવે સ્ટેશન (કુંભમેળો)ઉત્તર પ્રદેશમાં ફૂટ ઓવરબ્રિજ પર અચાનક ભીડ વધી જતાં થયેલી દોડધામમાં 36 લોકોનાં મોત થઇ ગયા હતાં. આ ઘટનાઓમાં 1600થી વધુનાં મોત થઇ ગયા હોવા છતાં તંત્ર આવી ભીડ પર કાબૂ મેળવી શકી નથી અને સીલસીલો અટકવાને બદલે ચાલું જ રહ્યો હતો.

મધ્યપ્રદેશના દતિયા સ્થિત રતનગઢ મંદીરમાં નદી પરનો પુલ તૂટી પડ્યો હોવાની અફવા ઉડતા થયેલી ભાગદોડમાં 115થી વધુ ભક્તોએ જીવ ગુમાવ્યો હતો. 29 સપ્ટેમ્બર 2017 એલફિન્સ્ટન રેલવે સ્ટેશન (મુંબઈ)મહારાષ્ટ્ર ખાતે પણ શોર્ટ સર્કિટ અને બ્રિજ તૂટી પડવાની અફવાના કારણે થયેલી દોડધામમાં 23 લોકોનાં મોત થયા હતાં. 1922માં જમ્મુના કટરા વૈષ્ણોદેવી ભવનમાં ધક્કામુક્કીમાં 12નાં મોત થયા હતા. 2 જુલાઈ 2024સત્સંગ કાર્યક્રમ, હાથરસ ઉત્તર પ્રદેશમાં 121 મૃત્યુ થયા હતાં. અહીં ભોલે બાબાના સત્સંગ બાદ તેમની ચરણ રજ લેવા માટે શ્રદ્ધાળુઓની ભીડ એકઠી થતા અને ગરમી-ગૂંગળામણને કારણે વિશાળ નાસભાગ મચી હતી. દરેક ઘટના પાછળ એક સરખું જ કારણ અફવા જ જવાબદાર છે તેમ છતાં અહીંની સરકારો કે સ્થાનિક તંત્રોએ આવી દુર્ઘટનામાંથી બોધ લઇને ક્રાઉડ મેનેજમેન્ટની કોઇ જ વ્યવસ્થા ઊભી કરી નથી જેના કારણે આવી ઘટનાઓ ઘટવાને બદલે વધતી જ જાય છે. તપાસ પંચો અને સુરક્ષા નિષ્ણાતોના મતે ભારતમાં આવી દુર્ઘટનાઓ પાછળ નીચે મુજબના મુખ્ય કારણો જવાબદાર હોય છે જેમાં અફવા જ સૌથી મોટા કારણ તરીકે બહાર આવી છે. બીજું કારણછે ક્ષમતા કરતાં વધારે લોકોને પ્રવેશ આપવો અને ભીડનું સચોટ સંચાલન ન હોવું. ત્રીજુ કારણ છે સાંકડા પ્રવેશ અને નિકાસ દ્વાર. આ ઉપરાંત ઈમરજન્સી એક્ઝિટની પૂરતી વ્યવસ્થા ન હોવી. સુધારા અને સુરક્ષાના પગલાંઆવી હોનારતો બાદ રાષ્ટ્રીય આપદા પ્રબંધન પ્રાધિકરણ દ્વારા મોટી ઇવેન્ટ્સ અને ધાર્મિક સ્થળો માટે માર્ગદર્શિકાઓ બહાર પાડવામાં આવી છે. જેમાં સીસીટીવી અને ડ્રોન દ્વારા ભીડ પર સતત નજર રાખવી.

# ગોઠણે બેસી વાંચવા જેવી ગોઠડી- રાજુ દવે

એક સમય એવો હતો કે સાહિત્ય સ્વરૂપોનાં પુસ્તકોનો જ મહિમા થતો પણ વાચકોનાં રસ-રૂચિ જૂદા પ્રકારનાં લેખનની અપેક્ષા રાખતા થાય તો તેમની માંગ સમજનારા લેખકો પણ આવતા જાય. છેલ્લા બે-ત્રણ દાયકામાં એવા અનેક પુસ્તકો લોકપ્રિય થયા જે વાર્તા, નવલકથા, કવિતા, નિબંધના ન હતા. સાહિત્ય સ્વરૂપનાં ન હોય અને એવા પુસ્તકો લોકપ્રિય થાય તો ઘણા સાહિત્યકારોને ગમતું નથી. પણ વાચક તો વાચક છે અને તે અનેક પ્રકારની વાચન સામગ્રીની અપેક્ષા રાખે છે.

રાજુ દવેનું 'ગમતાં સાથે ગોઠડી' પુસ્તક ૧૧ વિલક્ષણ પ્રતિભાઓ સાથે વિસ્તૃત સાક્ષાત્કારનું છે. તેઓ એક સારા ઈન્ટરવ્યુઅર છે. આ કળા પણ વિકસાવવા જેવી છે કારણ કે લતા મંગેશકરે આત્મકથા નથી લખી પણ યતિન્દ્ર મિશ્રાએ હજાર જેટલા પૃષ્ઠોના ઈન્ટરવ્યુમાં તેમની પાસે એટલી બધી વાત કરાવી કે જે આત્મકથાની સામગ્રી બની જાય. હિચકોકના ટ્રુફો જેવા ફિલ્મસર્જકે જે અત્યંત લાંબો ઈન્ટરવ્યુ લીધેલો તે પુસ્તક સ્વરૂપે ઉપલબ્ધ છે. ઈન્ટરવ્યુઅર જો રસિક હોય, અભ્યાસી હોય, જેનો ઈન્ટરવ્યુ લેવાનો હોય તેના માટે પૂરતી તૈયારી કરે એવો સજ્જ હોય તો ઉત્તમ પરિણામ આવી શકે છે.

'ગમતાં સાથે ગોઠડી' કરનાર રાજુ દવેએ અગાઉ ગુજરાતના સુગમ સંગીતકારો, નાટ્યકારો સાથે મુલાકાત-સંવાદ કર્યો છે અને તે ઉપયોગી ગ્રંથ તરીકે પ્રગટ થયા છે. 'ગમતાં સાથે ગોઠડી'માં ધર્મ અને અધ્યાત્મક્ષેત્રે જૂદી જૂદી રીત અને કાર્યક્ષેત્રથી જાણીતા મોરારીબાપુ, જયશ્રીદીદી, ચિત્રાભાનુજી અને નિરંજન રાજ્યગુરુ સાથેની ગોઠડી છે તો સંગીત ક્ષેત્રના બટુક દીવાનજી, રજત ધોળકિયા, બાબુલાલ ગંધર્વ, શુભા જોશી ઉપરાંત નાટ્યક્ષેત્રનાં નિરંજન મેહતા, દર્શન જરીવાલા અને લોકસાહિત્યક્ષેત્રના ભીખુદાન ગઢવીની મુલાકાતો છે. ૨૦૦૫ થી ૨૦૨૫ ના વર્ષો દરમિયાનની આ મુલાકાતો છે. ઈન્ટરવ્યુમાં જે તે સમયે સ્વયંભૂ અને જેની મુલાકાત લેવી હોય તેનું હોવું જરૂરી છે. રાજુ દવેની કેળવાયેલી રસવૃત્તિ, ચિંતનવૃત્તિ અને જેમના ઈન્ટરવ્યુ લીધા છે તેમને 'પ્રતિભા' તરીકે ઓળખી સમજવા, અભ્યાસવા ને સાદર કરવા તત્પર છે તેના પરિણામે આ પુસ્તક ઘણું રસપ્રદ થયું છે. મોરારીબાપુને રાજુ દવે પૂછે છે કે, 'તમારા ચરણસ્પર્શ કરવા માટે પડાપડી કરતા હોય તે વખતે કયો ભાવ અનુભવો છો?' તો ઉત્તર મળે, 'અહંકારથી બહુ સભાન રહેવું પડે. જો એવું લાગે કે આ આ મને પ્રણામ કરે છે ને હું કંઈક વિશેષ છું' તો એ વિશેષપણું પતન તરફ દોરી જાય છે.' પણ પ્રશ્ન તેઓ બીજાને નથી પૂછતા. ચિત્રભાનુજીને પૂછે છે, 'એક સાધુ, જે સારો વક્તા હોય, તેને માઈકની ટેવ પડી જાય છે. ટોળા તેમને ગમે છે, તેના જીવનનું ધ્યેય તો જુદું છે તો આવું શાથી બને છે?' ઉત્તર ટૂંકો છે, 'કારણ કે તેનાથી તો તે સફળ થયો છે. સન્યાસ એણે એટલા માટે લીધો કે તે પહેલાં તે કંઈ નહોતો.' (બીજા ઉત્તરમાં આગળ વધે છે) હવે ટોળાં છે જ નહીં. અહંકારનું એવું છે કે જો હું અગાઉની માફક ટોળા ઉપર જીવતો થાઉં, તો જરૂર પુષ્ટ થાય.' મોરારી બાપુ કરતાં




**પુસ્તકઃ** 'ગમતાં સાથે ગોઠડી' **ગોઠડીકારઃ** રાજુ દવે **પ્રકાશકઃ** ઝેન ઓપસ, અમદાવાદ **કિંમતઃ રૂા. ૨૭૫/-**

ચિત્રભાનુજીને વધારે સવાલો પૂછ્યા છે અને તેમાં ચિંતન-ઉહાપોહના ઘણા મુદ્દા છે. નિરંજન રાજ્યગુરુ સાધુ નથી, સાધુવૃત્તિ ધરાવતા અધ્યેતા છે ને મર્મી છે, સૌરાષ્ટ્રની સંત પરંપરા, ભજન સાહિત્ય, ભજનનાં સ્વરાંકનો વિશે અત્યંત મઝાની ગોઠડી થઈ છે. ભાણદેવજી જેમ યુનિવર્સિટીમાં ડિગ્રી પ્રાપ્ત કર્યા પછી અધ્યાત્મક્ષેત્રે અવગાહન કરતા થયા તેવું નિરંજન રાજ્યગુરુનું છે. આ કારણે આ ગોઠડી ખૂબ મહત્વની જણાશે.



**અક્ષરની આરાધના**
**સંપાદનઃ બકુલ ટેલર**

નિરંજનભાઈના ઉત્તરોનો આ અંશ વાંચો. સંતોને મળીને થતી અનુભૂતિ વિશે પ્રશ્ન કરાયો તો, 'તમને સ્પર્શે અને તમને ઝણઝણાટી થાય એ બધી બનાવટી વાતો છે. આપણો પિંડ કેટલો પરિપક્વ છે તે પણ જોવાનું ને? અને પિંડ શોધ્યા વિના પાર ન થવાય.' એક પ્રશ્નઃ 'અનુભૂતિ વગર લખાયેલો ભજનો ટકે?' ઉત્તરઃ 'ના, ટકે જ નહીં. અનુભૂતિ વગર હું તમને લખી દઉં કે માનસરોવરે હંસા મોતી ચુગે' પણ આ પિંડમાં માનસરોવર કઈ જગ્યાએ છે એની જ ખબર ન હોય. (ઉત્તર લાંબો છે). જયશ્રી દીદી પાંડુરંગ શાસ્ત્રીના પુત્રી છે. વિવાદોમાં પણ રહ્યા છે. પણ ગોઠડીકાર વિવાદો વિશે નથી પૂછતા. જે પૂછ્યું છે તેના ઉત્તરોમાં જયશ્રીદીદી વૈચારિક પૌઢીવાળા જણાશે પણ અધ્યાત્મ ચિંતન ધરાવે છે એવું ઓછું કહેવાશે. ગાદીપતિની કુશળતા જણાશે.

બટુક દીવાનજી સંગીતના અભ્યાસી સુપ્રસિધ્ધ ગાયક - સંગીતકારોની અને અનેક બેઠકો માણી ચૂકેલા રસિકજન. મૂળ સુરતના એટલે એક ઉત્તરમાં કહે છે, 'સુરતમાં મારા એક મિત્ર કંચનલાલ મામાવાળા, જાણકાર માણસ. તે વિચિત્રવીણા વગાડતા. જ્ઞાન ઘણું. બહુમુખી પ્રતિભા. ગરબા સંગીતબધ્ધ કરે. શાયરીમાં ચાંચ ડૂબે. સુરતના બધા સંગીતકારો તેમને માન આપે!' આવા ઉત્તર પછી થાય કે સુરત તો કંચનલાલ મામાવાળાને જ ભૂલી ગયું? પણ, બટુક દીવાનજીની મુલાકાતમાં અનેક સંગીતકારોની લાક્ષણિક પ્રતિભા અને જીવનરીતિ જાણવા-માણવા મળે છે. હવે તો તેઓ નથી પણ 'મને ૫૦૦થી ૬૦૦ બંદિશો આવડે' એવું કહેનાર બટુક દીવાનજી આપણા સંસ્કાર જગતમાં મહત્વના હતા તે યાદ આવવું જોઈએ. દિલીપ ધોળકિયાના પુત્ર રજત ધોળકિયાની ગોઠડીમાં સિનેમા સંગીત, જિંગલ મ્યુઝિક અને નાટકના સંગીતની રસપ્રદ વાતો મળશે. રજત જ કહી શકે 'કવિતા છે, આપણા છંદો અને દુહાઓ છે, એમાં પણ એક સાઉન્ડ છે!' રજતે પોતાના ક્ષેત્રમાં કેટલું અને કેવું કામ કર્યું છે તે તેની સાથેની ગોઠડીમાં મળશે. બેલાબહાર જેવું વાદ્ય બનાવનાર બાબુલાલ ગંધર્વ પાસે એ વાદ્યની માંગણી થયેલી પણ તેમણે વેચેલું નહીં. 'સાજની લે-વેચ કરવી એ હું ગુનો સમજુ છું!.' આવો ઉત્તર આપણને

એક સાધકની નિષ્ઠા અને વૃત્તિનો પરિચય કરાવે. ભીખુદાન ગઢવીએ ચારણી સાહિત્ય વિશે વિચારવા જેવા ઉત્તરો આપ્યા છે પણ તેમને સૌરાષ્ટ્રમાં દીકરીઓની આત્મહત્યાના બનાવો કેમ વધુ બને છે એવું પૂછવું જરૂર નહોતું. ખેર નિરંજન મેહતા સાથેની ગોઠડી નાટક જ નહીં તમને ઓશો રજનીશ વિશે પણ નવી વાત કહેશે. તેમણે ૨૫૦ ફિલ્મોના રેડિયો પ્રોગ્રામ કર્યા છે. ક્રાંતિ મડિયા સાથે 'નાટ્યસંપદા' સ્થાપી અનેક યાદગાર નાટકોનાં નિર્માણ કર્યા છે. આંતરકોલેજ નાટ્યસ્પર્ધાના જગતલ કાર્યકર રહ્યા છે. આ ગોઠડી બહુ મહત્વની છે.

### રાજુ દવે સારા ઈન્ટરવ્યુઅર છે

પુસ્તકની પ્રસ્તાવનામાં દીપક દોશીએ ગોઠડીનાં વિશેષો તારવી આપવા સાથે છેલ્લે જે નોંધ્યું છે તે મહત્વનું છે, 'આ સર્વ મુલાકાતોમાંથી પસાર થતાં જણાય છે કે પ્રત્યક્ષ વાતચીત દ્વારા એક પ્રશ્નની સામાજિક ઈતિહાસ નોંધાઈ રહ્યો છે!' ખરેખર. આ કારણે જ આ ગોઠડી-ગ્રંથનું મહત્વ છે. રાજુ દવે દરેક ગોઠડી-ગ્રંથ પ્રકલ્પ તરીકે કરે છે ને તેથી તેનું મહત્વ વધી જાય છે.

# આદિવાસી નેતૃત્વ - 'જેસીંગપુર ટુ જિનિવા': દળદાર મહિમા, કાર્યોની ગરિમા

૫૩૮ પાનાનું જીવન-કવન! જો એવા જીવન-કવનના પ્રકાશનની આર્થિક ત્રેવડ પોતાની જ હોય તો પ્રશ્નાર્થ છેકવો પડે. જો એ જીવન-કવન કોઈ રાજનેતાનું હોય તો પૃષ્ઠસંખ્યા વિશેનો પ્રશ્નાર્થ પણ ખોટો. ઝીણાભાઈ દરજીના 'માનસપુત્ર' તરીકે ઓળખાયેલા, આદિવાસી સમાજના ઉત્કર્ષ માટે સતત મથનારા, દક્ષિણ ગુજરાતની અનેક આદિવાસી સંસ્થાઓના પ્રમુખ રહેલા સાંસદ-ધારાસભ્ય અમરસિંહ ઝેડ. ચૌધરીનું જીવન-કવન મોહન મઢીકરે આલેખ્યું છે.

અમરસિંહભાઈએ કેફિયતમાં નોંધ્યું છે કે, 'હું કલમ પકડી શકતો હતો, પણ કલમ મને પકડી શકી નહોતી!' 'જેસીંગપુર ટુ જિનિવા' શીર્ષક પણ મઢીકરનું આપેલું છે. અમરસિંહભાઈએ જે પ્રકારે આદિવાસી સમાજનું નેતૃત્વ કર્યું છે, તેમાં શીર્ષક જુદું હોઈ શક્યું હોત. 'બોમ્બે ટુ ગોવા' જેવું ન હોય. આદિવાસી સમાજના તેઓ સતત ઉદ્યમી અને પરિણામ સુધી જનારા નેતા ખરા, પણ જિનિવામાં આદિવાસીત્વનો ઝંડો લહેરાવ્યો છે એવું નહીં કહી શકાય. નેલ્સન મંડેલા કાંઈ બધા બની શકતા નથી. પરંતુ આ એક એવું પુસ્તક છે, જેના વડે આદિવાસી સમાજના પ્રશ્નો અને તેમની લડાઈ સમજી શકાશે. એ જ રીતે દક્ષિણ ગુજરાતના આદિવાસી પ્રદેશના રાજકારણને પણ સમજી શકાશે. દક્ષિણ ગુજરાતમાં રાજકારણ એટલે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, સેવા સહકારી મંડળી, દૂધ ઉત્પાદક સહકારી મંડળી, હળપતિ સેવા સંઘથી માંડીને વિદ્યાસંસ્થાના ટ્રસ્ટના પ્રમુખ થવું. આદિવાસી સમાજને સંગઠિત રાખતાં સંમેલનો યોજવાં અને તેમના નવા નવા પ્રશ્નો ઉકેલતા જવું.

અમરસિંહ ઝેડ. ચૌધરીનું રાજકીય-સામાજિક નેતૃત્વ આ બધી બાબતોમાં દક્ષતાપૂર્વક થયું છે અને તેની વિગતે નોંધ મળશે. પરંતુ એ ઉપરાંત જે તે વિસ્તારમાં એસ.ટી. બસ ન હોય તો તે ચાલુ કરાવવી, નાની નદીઓ પણ ચોમાસામાં નાના પુલને ધોઈ નાખે તો નવા પુલ (પુલિયા) બનાવડાવવા, ઘાસચારાની સમસ્યા ઉકેલવી, ખરાબ કાચા રસ્તા પાસ કરાવવા, પંચાયતનું મકાન બનાવડાવવું, ખોટી રીતે જેલ ગયેલાને છોડાવવા–આવાં અનેક કામો તેમણે કર્યાં હતાં.

અમરસિંહભાઈ જેસીંગપુરના સરપંચ તરીકે ૧૯૬૯થી જાહેર જીવન શરૂ કરે છે. એ વખતે ઝીણાભાઈ દરજી ગામમાં પધારેલા અને અમરસિંહ ચૌધરીને બિનહરીફ સરપંચ તરીકે ચૂંટાવેલા. પરંતુ તે પહેલાં તેઓ ગુજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થી મંડળની ચૂંટણી જીતી ચૂકેલા. એટલે રાજકારણ અને સમાજકારણમાં તેઓ કેવી રીતે વિકસ્યા છે, તેની સમજ મળે છે. જાહેરજીવનની કસોટીઓ પાર કરતાં જાઓ તો ઓળખ વિસ્તરતી જાય. શરૂઆતમાં ગણોતધારાના અમલના એક કિસ્સામાં સાત મહિનાની લડત આપી અને તેનાથી આત્મવિશ્વાસ જન્મ્યો. પછી તો અઠવાડિયે બે વાર લોકોના પ્રશ્નો સાંભળવાનું રાખ્યું.

આ જીવન-કવનનું આલેખન અમરસિંહભાઈનું આત્મકથન બને તેની કાળજી મોહન મઢીકરે રાખી છે. તેઓ ઝીણાભાઈ પ્રત્યેનો આદર વારંવાર પ્રગટ કરે છે. 'હું ઝીણાભાઈ પાસેથી અધિકારીઓ પાસે કામ કઢાવવાની વિદ્યા શીખ્યો.' પુસ્તક વાંચતાં લાગશે કે તેમનામાં પોતાનામાં જ નેતૃત્વશક્તિ




હતી. તેની કેળવણીનું કામ તો એ રીતે જ થયું છે. અમરસિંહ ઝેડ. ચૌધરી એ સમયે નેતૃત્વનો આરંભ કરે છે, જ્યારે દેશમાં કૉંગ્રેસનું શાસન હતું અને નહેરુનું નેતૃત્વ હતું. જેમને દક્ષિણ ગુજરાતના આઝાદી પછીના રાજકારણને જાણવું હોય, તેમના માટે અમરસિંહ ચૌધરીની કારકિર્દીના વિવિધ તબક્કા સારી વિગત પૂરી પાડશે. અઠ્ઠાવીસ વર્ષની વયે સાંસદ બન્યાનું પ્રકરણ એ માટે વાંચી જવું. અરવિંદ દેસાઈ, નરીમાન પીઠાવાળા, ગોરનદાસ ચોખાવાળાનું તેઓ સ્મરણ કરે છે.

**પુસ્તકઃ** જેસીંગપુર ટુ જિનિવા : શ્રી અમરસિંહ ઝેડ. ચૌધરીનું જીવન-કવન
**લેખકઃ** મોહન મઢીકર
**પ્રકાશકઃ** ગુજરાત ખેત વિકાસ પરિષદ, ખેતભવન, ગાંધી આશ્રમની બાજુમાં, અમદાવાદ-૩૮૦૦૨૭ **કિંમતઃ (નથી.)**

એમ.એ. (પોલિટિકલ સાયન્સ) થયેલા અમરસિંહ ઝેડ. ચૌધરી સંસદસભ્ય તરીકેની પહેલી જ મુદતમાં આદિવાસી સમાજ અને ક્ષેત્રના પ્રશ્નો વિશે બોલનારા સાંસદ તરીકે ઓળખાયેલા. એ જ સમયે અમરસિંહ બી. ચૌધરીના રાજકીય ઉત્થાનને પણ ગ્રંથમાં નોંધ્યું છે. અમરસિંહ બી. ચૌધરીને ઘનશ્યામ ઓઝાના સમયમાં નાયબ મંત્રીપદને બદલે નાયબ વનમંત્રી બનાવવામાં આવ્યા હતા અને રાજીવ ગાંધીના સમયે તેઓ મુખ્યમંત્રી બન્યા હતા. તેની નોંધ સાથે આલેખન આગળ વધે છે.

આખા ગ્રંથમાં અમરસિંહ ઝેડ. ચૌધરીની સહજ અને સાદગીભરી જીવનશૈલી તથા કાર્યપદ્ધતિને ખૂબ સરસ સ્થાન મળ્યું છે. સંસદભવન કે વિધાનભવનની સાથેસાથે સહકારીતા ક્ષેત્રે પણ તેઓ વધુ ને વધુ કામ કરતા ગયા અને તેમની ઓળખ સ્થાયી બની.

૨૦૧૧-૧૨માં સમગ્ર દેશમાં જમીન બચાવો આંદોલન શરૂ થયું હતું, તેમાં પણ તેમની સક્રિય ભૂમિકા હતી. એ જ રીતે, ૨૦૧૬માં તેમણે આદિવાસી સમન્વય મંચ-ભારતની સ્થાપના કરી હતી. ૨૦૧૬માં ન્યૂયોર્કમાં વિશ્વ આદિવાસી પરિષદ મળી હતી. ત્યારે તેમણે ભારતના આદિવાસીઓની સમસ્યાઓ વિશે વક્તવ્ય પણ રજૂ કર્યું હતું. સમય જતાં આ સંસ્થા દેશવ્યાપી બની અને તેના કેન્દ્રમાં અમરસિંહ ઝેડ. ચૌધરી હતા.

પુસ્તકના ઉત્તરાર્ધમાં તેમના પ્રિય વ્યક્તિઓ–ઓશો રજનીશ, ઝીણાભાઈ, માધુભાઈ ચૌધરી, જુગતરામ દવે અને રમણલાલ ગાંધી–વિશે અંગત સંદર્ભો સાથેનાં વ્યક્તિચિત્રો છે. અમરસિંહ ચૌધરીને સંબોધીને લખાયેલા પત્રો, તેમના કાર્યનું મૂલ્યાંકન કરતા લેખો તથા સ્વજનોના આત્મકથનમાં કુટુંબીજન તરીકે અમરસિંહ ઝેડ. ચૌધરી વિશેની વિગતો પણ જાણવા મળે છે.

રાજનેતાઓ વિશેનાં પુસ્તકો વાચકોને પ્રિય બને એવું ઓછું બને છે. ત્યારે અમરસિંહ ઝેડ. ચૌધરીનું જીવન-કવન ગ્રંથરૂપે પ્રાપ્ત થાય તેનું મહત્ત્વ છે. અલબત્ત, ઝીણાભાઈ દરજી, હિતેન્દ્ર દેસાઈ, અમરસિંહ ચૌધરી, ગોરનદાસ ચોખાવાળા અને રણછોડદાસ પોપાવાળા જેવા અનેક લોકો વિશે આવા ગ્રંથો ઉપલબ્ધ થવા જોઈએ.

અમરસિંહ ઝેડ. ચૌધરીનું જીવન-કવન આદિવાસી સમાજમાંથી ઊભા થઈ વ્યાપક પ્રભાવ રચનારા નેતાનું જીવનકવન છે. મોહન મઢીકરનો શ્રમ આખા પુસ્તકમાં દેખાઈ આવે છે. અમરસિંહ ઝેડ. ચૌધરી જ્યારે કહે છે કે, 'મારો વિચારદેહ ગાંધી અને ઓશો રજનીશના વિચારોના પ્રભાવથી ઘડાયેલો છે!' ત્યારે થાય કે આવો સમન્વય ધરાવતા નેતાઓ હવે ઓછા છે.

## આજનો શબ્દ : ઓસરી

આપણે ઘણા શબ્દો ભૂલવા માંડ્યા છીએ ને તેમાંનો એક આ ઓસરી. આપણા ઘણા શબ્દો સંસ્કૃતમાંથી ઊતરી આવ્યા છે તેમ 'ઓસરી' શબ્દની વ્યુત્પત્તિ પણ 'અપસરણ' (અપકસૃ) અથવા દૃશ્ય શબ્દ 'ઓસરિયા' પરથી થયેલી મનાય છે. ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ આ શબ્દ હિન્દી અને મરાઠી ભાષાના 'ઓસારી' સાથે સીધો સંબંધ ધરાવે છે.

શબ્દ પ્રકાશ

'ઓસરવું' એટલે પાછળ હઠવું તેના પરથી ઓસરી શબ્દ ઊતર્યો કહી શકાય. ઘરના મુખ્ય ઓરડા પહેલાંનો જે થોડો બહાર નીકળે તો કે પાછળ હટેલો હો તેને 'ઓસરી' કહેવાય. વધુ સ્પષ્ટ રીતે કહો તો મકાનની આગળનો દિવાલ વિનાનો, ઓટલા પ્રકારનો ભાગ જે તે પરસાળ, વરંડો કે પડસાળ પણ કહેવાય છે. અડાળી, માંડવી કે ચોપાડ પણ તેના સમાનાર્થી શબ્દો છે.

ઈંગ્લિશમાં જેને Verandah યા gallery કહે છે તે 'ઓસરી.

હરીન્દ્ર દવેનું એક ગીત છેઃ

'' આ ઓસરીના ખૂણે બેસીને મેં તો ગૂંથ્યાં'તાં કેટલાંયે શમણા આજે એ શમણાંઓ પાંખો ફૂટીને ઊડી ગયા દૂર સુદૂર અજાણ્યા…'

## વચન

તેં મને છેતર્યો એટલે હું તારાથી નારાજ નથી, નારાજ એ વાતથી છું કે હું હવે તારા પર વિશ્વાસ નહીં કરી શકીશ.
**– ફ્રેડ્રિક નિત્સે**

મેં કોઈને મારી જિંદગીમાંથી દૂર કર્યા નથી, તેઓ બધા વિશ્વાસ-અવિશ્વાસના અકસ્માતમાં મરી ગયા છે.
**– દોસ્તોયેવસ્કી**

મૃત્યુથી નહીં ડરો, ડરો તો એ જિંદગીથી ડરો જે અધૂરી છે, જેને તમે પૂરી કરી શક્યા નથી.
**– બર્તોલ્ત બ્રેખ્ત**

જે થયું તે તો થોડું જ છે, નથી થયું તે જ અપાર છે.
**– રોબર્ટ બ્રાઉનિંગ**

## હું પૂછું, તમે કહો

**(૧) ૧૯૧૯માં જ્યારે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદની ચૂંટણી યોજાઈ ત્યારે તેમાં ગાંધીજીને હરાવી કોણ પ્રમુખ થયું હતું?**
(ક) કનૈયાલાલ મુનશી (ખ) બળવંતરાય ઠાકોર
(ગ) હરગોવિંદદાસ કાંટાવાળા (ઘ) આનંદશંકર ધ્રુવ

**(૨) ગઝલના આધુનિક પ્રવાહોને ઝીલતું સંપાદન 'ગમી તે ગઝલ' ૧૯૭૬માં પ્રગટ થયું ત્યારે ઘણી ચર્ચા પામેલું. તેના ત્રણ સંપાદકો હતા. એક આદિલ મનસૂરી, બીજા ચિનુ મોદી, પણ ત્રીજા કોણ? નીચે ચાર નામ આપ્યાં છે, તેમાંથી એક 'ત્રીજા' છે. કહો, કોણ?**
(ક) મનહર મોદી (ખ) રમેશ પારેખ
(ગ) વ્રજ માતરી (ઘ) રાજેન્દ્ર શુક્લ

**(૩) 'આગંતુક', 'તરંગિણીનું સ્વપ્ન', 'તહોમતદાર' જેવા વાર્તાસંગ્રહો અને 'મિશ્ર લોહી' જેવી નવલકથાના સર્જક ઈવા ડેવનું સાચું નામ શું હતું?**
(ક) અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ (ખ) અંજલી ખાંડવાળા
(ગ) પ્રફુલ્લ નંદશંકર દવે (ઘ) અનિલા દલાલ

**(૪) 'ગુજરાતી વ્યાકરણના બસો વર્ષ' જેવા પુસ્તક માટે રાષ્ટ્રીય સાહિત્ય અકાદમીનો પુરસ્કાર મેળવનાર ઊર્મિ દેસાઈના પતિ જાણીતા વાર્તાકાર અને સંપાદક હતા. તેમનું નામ શું?**
(ક) મેઘનાદ દેસાઈ (ખ) અશોક મહેતા
(ગ) એચ. એમ. મુનશી (ઘ) ઘનશ્યામ દેસાઈ

**(૫) કાજલ ઓઝા વૈદ્યની 'ગુજરાતમિત્ર'માં પ્રકાશિત થયેલી નવલકથાનું નામ શું છે?**
(ક) તારા વિનાના શહેરમાં (ખ) મૌનરાગ
(ગ) યોગવિયોગ (ઘ) શુક્ર-મંગળ

**જવાબો**
૧-ગ, ૨-ક, ૩-ગ, ૪-ઘ, ૫-ઘ

## ચર્ચાપત્ર
charchapatra@gujaratmitra.in

### પક્ષ કરતાં જનહિત મહત્ત્વનું

ભારતીય લોકશાહી વ્યવસ્થામાં નેતાઓ અને સરકારી અધિકારીઓ બંનેની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ છે. નેતાઓ જનતાના મતથી સત્તા મેળવે છે, જ્યારે સરકારી અધિકારીઓ કાયદા અને નિયમોના આધારે વહીવટી વ્યવસ્થા ચલાવે છે. બંનેનો મુખ્ય હેતુ જનતાની સેવા અને દેશના હિતનું રક્ષણ કરવાનો હોવો જોઈએ. જો સરકારી અધિકારીઓને નિર્ભયતાથી કામ કરવાની તક મળે, રાજકીય નેતાઓ કાયદાની મર્યાદામાં રહીને માર્ગદર્શન આપે અને દરેક નિર્ણયમાં જનહિતને પ્રાથમિકતા આપવામાં આવે, તો વહીવટી વ્યવસ્થા વધુ મજબૂત બની શકે છે. પ્રામાણિક અધિકારીઓને રક્ષણ, ગેરરીતિઓની નિષ્પક્ષ તપાસ અને જવાબદાર વ્યક્તિઓ સામે યોગ્ય કાર્યવાહી એ સુશાસનના પાયાના સિદ્ધાંતો છે.આપણે સૌએ એક વાત સમજવી જરૂરી છે કે લોકશાહીની સાચી તાકાત કોઈ એક નેતા, પક્ષ કે અધિકારીમાં નથી, પરંતુ મજબૂત કાયદા, સ્વતંત્ર સંસ્થાઓ અને જાગૃત નાગરિકોમાં રહેલી છે. સત્તા આજે એક વ્યક્તિ પાસે હોઈ શકે અને આવતીકાલે બીજી વ્યક્તિ પાસે, પરંતુ કાયદો અને બંધારણ સૌ માટે સમાન રહેવા જોઈએ. નેતાઓએ સત્તાનો અહંકાર નહીં, સેવાનો ભાવ રાખવો જોઈએ અને અધિકારીઓએ ભય નહીં, ફરજને પ્રાથમિકતા આપવી જોઈએ. કારણ કે જ્યારે સત્તા કરતાં સત્ય મોટું બને, વ્યક્તિ કરતાં વ્યવસ્થા મોટી બને અને પક્ષ કરતાં જનહિતને મહત્ત્વ મળે, ત્યારે જ સાચી લોકશાહી જીવંત રહે છે.

**સુરત - મુકેશ બી મહેતા**

### ભક્તિ, સંસ્કૃતિ અને આધુનિકતાનું સંતુલન

નવરાત્રી એ મા દુર્ગાને સમર્પિત હિંદુ સનાતન પરંપરાનો પવિત્ર પર્વ છે, જે ભક્તિ, શિસ્ત અને આંતરિક શક્તિનો સંદેશ આપે છે. આ નવ દિવસો અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ અને નકારાત્મકતામાંથી સકારાત્મકતા તરફ આગળ વધવાની પ્રેરણા આપે છે. આજના ઝડપી જીવનમાં આત્મસંયમ, ભાવનાત્મક સંતુલન, સામાજિક સમાનતા અને આધ્યાત્મિક જાગૃતિનું મહત્વ સમજાવતું આ પર્વ વિશેષ પ્રસ્તુત છે.

પરંપરાગત રીતે નવરાત્રીમાં મા દુર્ગાની સ્તુતિ, ભજનો અને ભક્તિપૂર્ણ ગરબાનું આયોજન થતું આવ્યું છે. જોકે, છેલ્લા કેટલાક વર્ષોમાં ભક્તિ કરતાં મોંઘાં વસ્ત્રો, દેખાડો અને ડીજેના મોટા અવાજે વાગતાં ફિલ્મી ગીતોનું મહત્વ વધતું જણાય છે. કેટલાક સ્થળોએ અભદ્ર ગીતો પણ ગરબાની પવિત્રતાને અસર કરે છે.

સમય સાથે ઉત્સવોની ઉજવણીમાં પરિવર્તન સ્વાભાવિક છે, પરંતુ પરિવર્તનના પ્રવાહમાં મૂળભૂત મૂલ્યો ભુલાવાં ન જોઈએ. આધુનિકતા અને પરંપરા વચ્ચે સંતુલન જાળવી, મા દુર્ગાની આરાધના, સંસ્કાર, મર્યાદા અને પરસ્પર સન્માનને પ્રાધાન્ય આપીએ તો નવરાત્રીની ઉજવણી વધુ પવિત્ર, આનંદમય અને સાર્થક બનશે.

**સુરત - હિતેન્દ્ર ભટ્ટ**

### શુકનવંતા-મૂળાક્ષરો

ગુજરાતી શબ્દકોશમાં મૂળાક્ષરોનું વિશેષ મહત્ત્વ છે અને ઘણા મૂળાક્ષરો ધંધા-ઉદ્યોગમાં શુકનવંતા સાબિત થાય છે. ઉદાહરણ આપું છું. ફિલ્મી દુનિયાના સફળ નિર્માતા-નિર્દેશક જે. ઓમ પ્રકાશે "અ" મૂળાક્ષરથી જે ફિલ્મો બનાવી, તે સુપરહિટ નીવડી છે. જેમ કે, આઈ મિલન કી બેલા, આયે દિન બહાર કે, આપ આયે બહાર આઈ, આશા, અપનાપન, અર્પણ, આયા સાવન ઝૂમ કે, આપ કી કસમ, આન મિલો સજના અને અવતાર. તેવી જ રીતે, રાકેશ રોશને "ક" મૂળાક્ષર પરથી કહો ના પ્યાર હૈ, કામચોર, ખુદગર્જ, કરન-અર્જુન અને ખૂન ભરી માંગ જેવી ફિલ્મો બનાવી.

તેવી જ રીતે, અર્જુન હિંગોરાનીએ પણ "ક" મૂળાક્ષર પરથી જ કબ? ક્યોં ઔર કહાં? આમ, આ મૂળાક્ષરો શુકનવંતા નીવડ્યા હતા. ફિલ્મો બ્લોકબસ્ટર અને સુપરહિટ નીવડી હતી.

પ્રણય અને ત્રિકોણીય પ્રેમકથાઓ પર આધારિત ફિલ્મો બનાવવામાં માહેર એવા નિર્માતા યશ ચોપરાએ સૌપ્રથમ દાગ (1973) બનાવી હતી. ત્યારબાદ ત્રિશૂલ, કભી-કભી, ચાંદની, નૂરી, દિલ તો પાગલ હૈ, દૂસરા આદમી જેવી અનેક સફળ ફિલ્મો બનાવી છે. ફિલ્મજગતમાં સંઘર્ષ અને સ્ટ્રગલની સાથે-સાથે નસીબ, પ્રારબ્ધ અને શુકનવંતા મૂળાક્ષરો પણ સફળતા અપાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. રાજ કપૂર મેરા નામ જોકર જેવી ફિલ્મ બનાવવામાં દેવાદાર થઈ ગયા હતા, પરંતુ બોબી સુપરહિટ જતાં તેઓ દેવામાંથી ઉગરી ગયા હતા.

**તરસાડા - પ્રવીણસિંહ મહીડા**

### આજના દોરમાં આંદોલનની પ્રસ્તુતતા કેટલી?

લોકશાહીમાં અન્યાય સામે અવાજ ઉઠાવવા અને ન્યાય મેળવવા માટે આંદોલનોનું મહત્ત્વ છે. અગાઉ ખેડૂતોનું આંદોલન લગભગ 13 મહિના સુધી ચાલ્યું હતું. તાજેતરમાં ચૂંટણી પ્રક્રિયા અને SIRના મુદ્દે મુખ્ય ચૂંટણી કમિશનરના રાજીનામાની માગ સાથે વિરોધ પ્રદર્શનો થઈ રહ્યાં છે. અગાઉ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ સાથે પણ આંદોલન થયું હતું.

જોકે, દરેક આંદોલનને સફળતા મળે જ એવું નથી. કેટલીકવાર પ્રશાસન કાયદો અને વ્યવસ્થાના નામે કડક પગલાં લે છે અને વિરોધ પ્રદર્શનો પર નિયંત્રણો મૂકે છે. દિલ્હીના જંતરમંતર પરના પ્રદર્શનો અંગેના નિયંત્રણો પણ ચર્ચાનો વિષય બન્યા છે.

આંદોલનોની પરંપરા આઝાદી પહેલાંથી ચાલી આવે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરની અલગ મતાધિકારની માગ સામે મહાત્મા ગાંધીએ આમરણાંત ઉપવાસ કર્યા હતા, જેના પરિણામે પૂના કરાર થયો હતો.

પરંતુ પ્રશ્ન એ છે કે કોઈ એકલદોકલ વ્યક્તિને અન્યાય થાય તો તેણે શું કરવું? લોકશાહીમાં શાંતિપૂર્ણ રીતે અવાજ ઉઠાવવો તેનો અધિકાર છે. નર્મદની પંક્તિ મુજબ, "એકલો જાને ને રે, તારી હાક સુણી કોઈ ન આવે?" ત્યારે પણ વ્યક્તિએ હિંમત ન હારવી જોઈએ. ન્યાય માટેનો સંઘર્ષ જાગૃતિ, એકતા અને બંધારણીય માર્ગે આગળ વધવો જોઈએ.

**સુરત - ચન્દ્રકાન્ત રાણા**

### બાળકોમાં મેદસ્વિતાની સમસ્યા

આપણા ભારત દેશ સહિત વિશ્વના દેશોના બાળકોમાં સ્થૂળતા એટલે કે મેદસ્વિતામાં વધારો થઈ રહ્યો છે. આપણા દેશમાં એક કરોડ 40 લાખ જેટલા બાળકો મેદસ્વિતાનો શિકાર બની ચૂક્યા છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા સૌ પ્રથમ વખત બાળકોમાં ઓબેસીટીના કેસ ચિંતાજનક રીતે વધી રહ્યા છે તે અંગે એડવાઈઝરી જાહેર કરવી પડી છે. બાળકોના આહારમાં લીલા શાકભાજી , ફ્રૂટ્સ , અનાજ અને કઠોળને બદલે નુડલ્સ ,પીઝા, ચિપ્સ , સેન્ડવીચ ઠંડા પીણા વગેરેનું પ્રમાણ વધતું જાય છે પરિણામે એમને ફાઈબર , વિટામિન , પ્રોટીન પર્યાપ્ત માત્રામાં મળતા નથી. જંક ફૂડના વધુ ઉપયોગને કારણે બાળકો મેદસ્વિતાના શિકાર બનવા ઉપરાંત એના માનસિક વિકાસ ઉપર પણ અસર થાય છે. હવે ઘણા ફેમિલી અઠવાડિયામાં એક થી બે દિવસ બહારનું ખાવાનું પસંદ કરે છે જેને પરિણામે બાળકોને પણ ઘર કરતાં બહારનું ખાવાની ટેવ પડી જાય છે.

બાળકોને જંક ફૂડ છોડાવીને હેલ્ધી ફૂડ ખાવા માટેની પ્રેરણા માતા-પિતાએ આપવાની જરૂર છે. 21 મી સદીની આધુનિક મમ્મીઓ બાળકના નાસ્તામાં શાક-રોટલીને બદલે વેફર્સ અને બિસ્કીટ મૂકી દે છે જેને પરિણામે બાળકો સ્થૂળતાના શિકાર બનતા જાય છે.

ઓબેસિટીથી બચવા બાળકોને અનુરોધ છે કે જંક ફૂડ ને કહો ' ના , ના , ના ' પૌષ્ટિક આહારને કહો 'હા ' હા , હા '

**નવસારી - ડૉ. જે. એમ. નાયક**